
# સ્વ . નાથાલાલ રત્નાભાઈ સાવધારીયા એજ્યુકેશન સ્કોલરશીપ ૨૧-૨૨



જણાવતાં ખુબજ આનંદ થાય છે કે રબારી એન્જીનીયર્સ એસોસિયેસનનું રજીસ્ટ્રેશન ૨૦૧૫ માં કરાવ્યા પછી એસોસિયેસન પાસે માર્યાદિત ફંડ હોવા છતાં સર્વે કારોબારી સભ્યોની મીટીંગ માં નક્કી કરવામાં આવ્યું કે સમાજના તેજસ્વી અને જરૂરિયાત વાળા વિધાર્થીઓને તેમની કાર્યકિદી બનાવવા માટે શિષ્યવૃતિ આપી સમાજમાં નવો દિશા માર્ગ શરુ કરવાનું આયોજન કરવામાં આવ્યું .ત્યારબાદ સંસ્થાના પ્રમુખ શ્રી અમ્રીતભાઈ દેસાઈએ તેમના અમેરિકાના પ્રવાસ દરમ્યાન મૂળ શિયાણી જીલ્લો સુરેન્દ્રનગરના શ્રીમાન સ્વ. નાથાલાલ રત્નાભાઈ સાવધારીયા પરિવારના સભ્ય એવા શ્રી તુકારામભાઈ (ધીરેનભાઇ)અને શ્રીમતી લીનાબેન કેલિફોર્નિયા, અમેરિકા સાથે આ અંગે વિગતે વાત કરતા તેમના તરફથી ખુબજ સારો પ્રતિભાવ મળેલ અને પારદર્શક વહીવટ થાય ,તો સ્કોલરશીપ આપવાની તેમણે ઈચ્છા દર્શાવી . આમ આની શરુઆત ૨૦૧૬ થી માત્ર ૭ વિધાર્થીને રૂ ૫૫,૦૦૦ સ્કોલરશીપ આપીને કરેલ, ત્યારબાદ ૨૦૧૭ માં ૨૧ ને રૂ ૨,૧૦,૦૦૦ ,૨૦૧૮ માં ૨૬ ને રૂ ૨,૬૦,૦૦૦ ,૨૦૧૯ માં ૩૫ ને રૂ ૩,૫૦,૦૦૦ ,૨૦૨૦ માં ૫૨ ને ૫,૨૦,૦૦૦,૨૧ માં ૯૪ ને રૂ ૨૮,૨૦,૦૦૦/અને ૨૨ મા ૧૬૯ ને રૂ ૫૦,૭૦,૦૦૦/ની માતબર રકમ અને વિદેશ/યુ એસ એ માં ભણતા એક ભાઈને રૂ ૫,૧૧,૦૦૦ જેવી રકમ સાથે અત્યાર સુધી કુલ ૪૦૫ વિધાર્થીઓને રૂ ૯૭,૯૬,૦૦૦ / રૂપિયા છેલ્લા વર્ષોમાં સ્કોલરશીપ પેટે આપી ચૂકેલ છે . સર્વેને ઓન લાઈન થી ડાયરેક્ટ પેમેન્ટ તેમના ખાતામાં આ વર્ષે રૂપિયા ૩૦,૦૦૦/ પ્રમાણે કરેલ છે.

અત્રે એ જણાવવું ખુબ જરૂરી છેકે આવડી મોટી રકમ સ્કોલરશીપ પેટે એકજ વર્ષમાં સમસ્ત રબારી સમાજમાં પ્રથમ વખત મળી છે. દાતા શ્રી તુકારામભાઈ

નાથાભાઈ સાવધારીયાનો ખુબ ખુબ આભાર .આ તુકારામ ભાઈ ના આવા દાનવીર સ્વભાવ પાછળ આ ફેમિલિનો ભવ્ય ઇતિહાસ જોડાયેલ છે.તેમના પિતા શ્રી સ્વ નાથાલાલ મૂળ શિયાણી જિ સુરેન્દ્રનગરથી અમદાવાદ માં આવી તેઓ કાર ડ્રાઇવિંગ અને રિપેરિંગ શીખ્યા એ જમાનામાં રોહિત મિલ ના માલિક શેઠ લલ્લુભાઈ ગોરધાનદાસ ની ઇમ્પોર્ટેડ કાર લાવેલા જે કોઈને ચલાવતા આવડતું ના હતું. અને તેમણે જાણ થઈ કે નાથાલાલ ને કાર ચલાવતા આવડતું હતું એટલે નોકરી પર રાખેલ શેઠના ડ્રાઈવર તરીકે કામ કરતાં કરતાં રોહિત મિલમાં કોલસાની ચોરી કરતાં લોકોને પકડાવીને શેઠ નું ઘણું મોટું નુકસાન થતું બચાવેલ સ્વ નાથા ભાઈ ની આ ઈમાનદારી અને પ્રામાણિકતા ની કદર કરી મિલમાં ટ્રક નો કોન્ટ્રાક્ટ આપવા અને ટ્રક લેવા વગર વ્યાજે લોન આપી જે નિયમિત ઇમંદારીથી લોન ના હપ્તા સમયસર ભરતાં બીજી વધુ રકમ ટ્રકો લેવા શેઠે વગર વ્યાજે નાણાકીય મદદ કરી આમ ધીરે ધીરે ૨૮ ટ્રકો વસાવી અમદાવાદ ના મોટા કોન્ટ્રાકટર બન્યા અને અમદાવાદ ની આજુબાજુ ના ગામો જેવાકે ધંધુકા ,ધોલેરા,દહેગામ,ધોળકા ,પાલનપુર ડીસા જેવા સાત રૂટો પર પ્રાઇવેટ- પબ્લિક બસ શરૂ કરેલ. ત્યારબાદ ઘણા સમય પછી એ એમ ટી એસ ની બસ સરકારે ચાલુ કરેલ. આમ તેઓ બહુ દીર્ઘદ્રસ્થા હતા . તેમની પ્રાઇવેટ બસ અને ટ્રકોનો જોરદાર ધંધો ચાલતો હતો . તેઓ ખુબજ શિક્ષણ અને સમાજ પ્રેમી હતા. રબારી સમાજમાં શિક્ષણ નું પ્રમાણ ઘણું ઓછું દેખાતા તેમણે એક ચળવળ ચાલુ કરેલ તે વખતે કોઈ ભણવા તથા રહેવામાટે પણ પરગણા માંથી અમદાવાદ માં આવતા અને આર્થિક સ્થિતિ સારી ના હોય તેવા દરેક રબારી ભાઈઓને પોતાના ઘરે રહેવા -જમવાની મદદ પૂરી પાડતા અને તેને ચોપડા -કોલેજ ફી વિગેરે પૂરી પાડતા અને પોતાના સગા દીકરાની જેમ રાખતા અને તેમનું તમામ પ્રકારનું ધ્યાન રાખતા. તેમના સમયમાં કેટલાક છોકરાઓ ભણ્યા . તેમાં મુંબઇમાં વીરાભાઈ ચૌહાણને સી એ , અમદાવાદમાં શ્રી લલ્લુભાઈ ભાલકવાળાને વકીલ થવા મદદ કરેલ તેમજ શ્રી કરસનભાઈ લાલજીભાઇ દિગડી ,કલ્યાણભાઇ રાયકા ,મહાદેવભાઇ દેસાઇ પૂર્વ પ્રમુખ ગોપાલક ને તેમણે સ્વતંત્ર રીતે સેટ થવામાં એ સમયે સારી એવી મદદ કરેલ.

આ ઉપરાંત આગળ જતાં સ્વ નાથા ભાઈએ ગુજરાત સિવાય પણ ભારતના કોઈપણ ખૂણે થી રબારી સમાજનો કોઈપણ માણસ આવી મદદ માંગે તો મદદ કરતાં અને તેમણે તે સમયે ભારત રાયકા મંડળ ની પણ સ્થાપના કરેલ. પરંતુ તેમના અચાનક અવસાન બાદ આ કાર્ય બહુ આગળ વધી શકેલ નથી. તેમની એક તીવ્ર ઈચ્છા હતી કે મારે મારા એકાદ છોકરાને કલેકટર કે આઈ એ એસ બનાવવો છે ,અથવા શક્ય હોય તો એકાદ પુત્રને અમેરિકા ભણવા મોકલવો છે, ખુબજ નાની એટલેકે ફક્ત પર વર્ષની ઉંમરે તેમનું આકસ્મિક અવસાન થતાં કુટુંબ ઉપર આભ તૂટી પડેલ ,પરંતુ તે વખતે તેમના મોટા પુત્ર કરસનભાઇ એ સંપૂર્ણ જવાબદારી ઉપાડી કુટુંબ પ્રત્યે ની જવાબદારીઓ સંભાળી બધા જ ભાઈઓને ઉચ્ચ અભ્યાસ કરાવી ,સૌ પ્રથમ તુકારામભાઈ ( ઇલેક્ટ્રિકલ એન્જિનિયર ) ને અમેરિકા પિતાની અંતિમ ઈચ્છા ને ધ્યાને લઈ દેવું કરીને ભણવા માટે મોકલેલ તેઓ ખુબજ ભણી ને બહુ ઊંચા હોદ્દા ઉપર નોકરી કરી ત્યાંજ સેટ થઈ ગયા અને ત્યારબાદ બધાજ ભાઈઓને-બહેનોને અમેરિકા સેટ કર્યા "કૂવામાં હોય તો હવાડા માં આવે" તેમ કહેવત મુજબ તુકારામભાઈ પણ તેમના શિક્ષણ પ્રેમી પિતાના સંસ્કારો મુજબ આજના સમયને આધીન અમેરિકામાં રહેવા છતાં ઘણાને આર્થિક સહાય પૂરી પાડી રહ્યા છે. તે ખુબજ ધન્યવાદ ને પાત્ર છે. અમેરિકા જેવા દેશમાં પોતાના સ્વાર્થને ને જ મહત્વ આપે તેવા દેશમાં રહેવા છતાં તેઓ ભારતના અને પોતાના પિતા ના સંસ્કારો નો વારસો જાળવીને જે ઉપરોક્ત કામ કરી રહ્યા છે. તે અત્યંત દુર્લભ છે. અને તેમનો આભાર માનવામાં શબ્દો ટૂંકા પડે તેમ લાગે છે તુકારામભાઈ કોઈપણ વળતર કે યસ ની અપેક્ષા વગર આ ઉમદા કાર્ય કરી રહ્યા છે, તેમણા આપણે સૌ ઋણી છીએ અને આપણે પણ એવો સયુક્ત દૃઢ સંકલ્પ કરીએ કે જે રીતે આપણી કારકિદી માટે તુકારામ ભાઈ નિસ્વાર્થ મદદ કરી રહ્યા છે તેમ આપણે પણ ભવિષ્યમાં ગમે તે ક્ષેત્રમાં પ્રગતિ કરીને આ ઋણ ચૂકવવા યથાશકિતી સમાજનામાં આર્થિક રીતે નબળા લોકોને મદદ કરીશું,.આમ આવા પિતાશ્રી અને મોટાભાઇના ઉમદા કાર્યોને પાર પાડવા શ્રી તુકારામભાઈ અને તેમના પત્નિ લીનાબેન બંને તેમના પિતાશ્રી આદર્શ/ઉમદા / શિક્ષણપ્રેમી સ્વ નાથાભાઈ રત્નાભાઈ સાવધારીયા અને મોટા ભાઈ સ્વ કરસનભાઈને ને શ્રદ્ધાંજલિ રૂપે અમેરિકા રહીને પણ વિધ્યાદાન કરી રહેલ છે. આ પરિવારનો આભાર માનવામાં શબ્દો બહુજ ટૂંકા પડે તેમ છે. . આ પ્રકારનું આ વિધાદાન સ્કોલરશીપ માટે સમગ્ર રબારી સમાજ માટે દિશા સૂચક અને ખુબજ ગૌરવ લેવા જેવું છે.

આ તબક્કે તુકારામ ભાઈના આ ઉમદા કાર્ય માં જે લોકો નિસ્વાર્થ ભાવે પોતાનો ભાવે પોતાનો સમય આપીને સમાજ સેવામાં સહભાગી બની રહ્યા છે. તેવા રબારી એન્જિનિયરિંગ એસોસીએસન ના તમામ સભ્યો નો ખૂબ ખૂબ આભાર માની એ છીએ . અને આ સદાવ્રત સદાકાળ નિયમિત નિર્વિઘન ચાલતું રહે તેવી પ્રભુને બધા વતી પ્રાથના કરીએ છીએ

દાતા શ્રી નો અંત :કારણ થી ખૂબ ખૂબ આભાર

**આભાર... આભાર... આભાર... આભાર... આભાર... આભાર...**

LAKHUMAIYA ONLINE DEESA 9638272394